# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની જુલાઇ પૂરક પરીક્ષા-૨૦૨૨ નું પરિણામ તા.૦૪/૦૮/૨૦૨૨ ના રોજ જાહેર થયેલ હતું તથા ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની જુલાઇ પૂરક પરીક્ષા-૨૦૨૨ નું પરિણામ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ જાહેર થયેલ હતું.

પરિણામ બાદ ગુણચકાસણી માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલ આખરી સુધારા (Change/No Change) દર્શાવતો રીપોર્ટ આજરોજ બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન મૂકવામાં આવેલ છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો ગુણચકાસણીનો રીપોર્ટ બોડની વેબસાઇટ www.gseb.org અથવા નીચે દર્શાવેલ વેબસાઇટ પરથી તા.૨૪/૦૮/૨૦૨૨ થી તા.૦૪/૦૯/૨૦૨૨ સુધી તેમના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગતો(Seat Number, Mobile Number અને Password) એન્ટર કરી, લોગ-ઇન થઇ, ઓનલાઇન ડાઉનલોડ કરવાના રહેશે.

**ગુણચકાસણીનો રીપોર્ટ ડાઉનલોડ કરવા માટેની વેબસાઇટ**

૧) ધોરણ-૧૦ માટે ssc.gseb.org
૨) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે sci.gseb.org
૩) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે hsc.gseb.org

વધુમાં જણાવવાનું કે ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્રક સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક/પ્રમાણપત્રક સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રમાણપત્રક પરત મેળવી બોર્ડની કચેરી સંબંધિત પરીક્ષા શાખામાં જમા કરાવવાના રહેશે.

ઉમેદવારોએ ગુણચકાસણી રીપોર્ટ ફકત ઓનલાઇન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પધ્ધતિ અમલમાં નથી.જેની શાળાના આચાર્યશ્રીઓ,વાલીઓ તથા તમામ વિદ્યાર્થીઓને નોંધ લેવા વિનંતી.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૨૪/૦૮/૨૦૨૨
સ્થળ :- ગાંધીનગર